::– **નમુનો ''અ''**–::

| નર્મદાનાં મહે.સ્પેશ્યલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુ.રાજપીપળા<br>શ્રી એ.વી.હિરપરા, સ્પેશ્યલ જજ, નર્મદા,મુ.રાજપીપળા | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ સંખ્યા | **સ્પે.(જી.એલ.જી.પી.) કેસ નં. ૨/૨૦૨૫** |
| ::– **ગુનાની વિગત** –:: | |
| ગુનાની કલમ | ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩), ૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૮૨૩૦૦૪૨૫૦૨૩૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ડેડીયાપાડા પોલીસ સ્ટેશન,જી.નર્મદા |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.સ્પે.પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટ |
| આરોપીપક્ષ | (૧) મનુબેન મીરીયાભાઈ વસાવા ઉ.વ.૪૮<br>(૨) તારાબેન મનસુખભાઈ વસાવા ઉ.વ.૫૫<br>(૩) અશોકભાઈ મનસુખભાઈ વસાવા ઉ.વ.૩૦<br>રહે.તમામ–થાણા ફળીયું,ડેડીયાપાડા, તા.ડેડીયાપાડા,જી.નર્મદા |
| રજુઆત | આરોપીપક્ષ તરફે વિ.વકીલ શ્રી એમ.જી.કુરેશી |

::– **નમુનો ''બ''**–::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૩ થી ૦૭/૦૩/૨૦૨૫ સુધી |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૭/૦૩/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૦૪/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૧/૦૫/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| સજા/હુકમની તારીખ(લાગુ પડે તો) | ૩૦/૦૪/૨૦૨૬ |

::– **આરોપીની વિગત**–::

| | |
|---|---|
| આરોપીનું નામ | (૧) મનુબેન મીરીયાભાઈ વસાવા ઉ.વ.૪૮<br>(૨) તારાબેન મનસુખભાઈ વસાવા ઉ.વ.૫૫<br>(૩) અશોકભાઈ મનસુખભાઈ વસાવા ઉ.વ.૩૦<br>રહે.તમામ–થાણા ફળીયું,ડેડીયાપાડા, તા.ડેડીયાપાડા, જી.નર્મદા |
| ધરપકડની તારીખ | ૦૭/૦૩/૨૦૨૫ |
| જામીન મુકિત તારીખ | ૧૩/૦૩/૨૦૨૫ |
| તહોમત | ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩), ૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબ |
| શું નિર્દોષ છોડયું / સજા કરી | નિર્દોષ ઠરાવેલ |
| કરવામાં આવેલ સજા | લાગુ નથી |
| સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૪ ની કલમ–૪૬૮ મુજબ | લાગુ નથી |

| | |
|---|---|
| | દાખલ તારીખ : ૦૭/૦૪/૨૦૨૫ |
| | રજીસ્ટર તારીખ : ૦૭/૦૪/૨૦૨૫ |
| | ફેસલ તારીખ : ૩૦/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ–૦૧, માસ–૦૦, દિવસ–૨૩ |

सत्यमेव जयते

નર્મદા જીલ્લાનાં મહે.સ્પેશ્યલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુકામ–રાજપીપળા.

સ્પે.(જી.એલ.જી.પી.) કેસ નં. ૨/૨૦૨૫
આંક–

ફરીયાદી :– શ્રી સ ર કા ર

:– વિ રૂ દ્ધ –:

આરોપી :– (૧) મનુબેન મીરીયાભાઈ વસાવા ઉ.વ.૪૮
(૨) તારાબેન મનસુખભાઈ વસાવા ઉ.વ.૫૫
(૩) અશોકભાઈ મનસુખભાઈ વસાવા ઉ.વ.૩૦
રહે.તમામ–થાણા ફળીયું,ડેડીયાપાડા, તા.ડેડીયાપાડા,જી.નર્મદા

ગુનો:– ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩), ૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબ.

ફરીયાદપક્ષ તરફે વિ.સ્પે.પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટ
આરોપીપક્ષ તરફે વિ.વકીલ શ્રી એમ.જી.કુરેશી

:– **ઠ રા વ** –:

૧) મોજે ડેડીયાપાડા સરકારી વિનિયન કોલેજની સ.નં.પર (નવો સ.નં.૧૬૭), ક્ષેત્રફળ ૧–૫૦–૭૦ હે.આરે.ચો.મી.વાળી જમીન તથા સ.નં.૫૧ (નવો સ.નં.૧૬૮)ક્ષેત્રફળ ૦–૫૦–૯૯ હે.આરે.ચો.મી.વાળી જમીનમાં ૨૦ ગુંઠા જેટલી જમીનમાં આ કામનાં આરોપીઓ એ તા.૨૭/૩/૨૦૨૩ થી અનઅધિકૃત ગેરકાયદેસર કબજો કરી દબાણ કરેલ હોય જે જમીન ફરીયાદીએ આરોપીઓને અવારનવાર પરત સોંપવા માટે જણાવવા છતા આરોપીઓ

એ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ડેડીયાપાડાનાઓની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી કબજો કરી જમીન પરત નહી સોંપી આપી ગેરકાયદેસર રીતે કબજો જમાવી જમીન પચાવી પાડી ગુનો કરતા આ બાબતે ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટ–એ.૧૧૮૨૩૦૦૪૨૫૦૨૩૫/૨૦૨૫ થી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩),૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબનો ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય,આરોપીઓની તા.૭/૩/૨૦૨૫ ના રોજ ધરપકડ કરી, જરૂરી પંચનામા કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અત્રેની સ્પે.કોર્ટમાં તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ આક્ષેપીત ગુનાનુ ચાર્જસીટ રજુ કરતા તેને સ્પે.(જી.એલ.જી.પી.) કેસ નં. ૨/૨૦૨૫ આપવામા આવેલ છે.

૨) આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ તેના વિ.વ.શ્રી એમ.જી.કુરેશી સાથે અત્રેની કોર્ટમા હાજર થયેલ છે અને આરોપીઓને ચાર્જસીટ તથા તે સાથેના તપાસના તમામ પેપર્સની વિનામૂલ્યે નકલો આપ્યા બાદ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની ચાર્જ અંગેની દલીલો સાંભળી આરોપીઓ સામે આંક–૪ થી આક્ષેપીત ગુનાનું તહોમતનામુ ફરમાવી તે વાંચી સંભળાવી સમજાવી આંક ૫ થી ૭ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપી ઓએ ગુનાની નાકબુલાત કરતા આ કેસ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા પર પેન્ડિંગ રાખવામા આવેલ હતો.

૩) આ કેસનાં ન્યાયીક નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવે છે.

:– **મુદ્દા** –:

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે, મોજે ડેડીયાપાડા સરકારી વિનિયન કોલેજની સ.નં.૫૨ (નવો સ.નં.૧૬૭), ક્ષેત્રફળ ૧–૫૦–૭૦ હે.આરે.ચો.મી.વાળી જમીન તથા સ.નં.૫૧ (નવો સ.નં.૧૬૮)ક્ષેત્રફળ ૦–૫૦–૯૯ હે.આરે.ચો.મી.વાળી જમીનમાં ૨૦ ગુંઠા જેટલી જમીનમાં આ કામનાં આરોપીઓએ તા.૨૭/૩/૨૦૨૩ થી અનઅધિકૃત ગેરકાયદેસર કબજો કરી દબાણ કરેલ હોય જે જમીન ફરીયાદીએ આરોપીઓને અવારનવાર પરત સોંપવા માટે જણાવવા છતા આરોપીઓએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ડેડીયાપાડાનાઓની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી કબજો કરી

જમીન પરત નહી સોંપી આપી ગેરકાયદેસર રીતે કબજો જમાવી જમીન પચાવી પાડી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩),૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

૪) ઉપરોકત મુદાના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ આપું છું.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

૫) ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનાં પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવા:–

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અનિલાબેન જીકુભાઈ પટેલની જુબાની | ૧૮ |
| ૨ | સાહેદ રમેશભાઈ ખાનપરભાઈ વસાવાની જુબાની | ૩૩ |
| ૩ | સાહેદ રામસીંગભાઈ પારસીંગભાઈ વસાવાની જુબાની | ૩૫ |
| ૪ | પ્રાંત અધિકારી શ્રી ધવલકુમાર રંગજીભાઈ સંગાડાની જુબાની | ૩૯ |
| ૫ | આર.એ.સી.ચેતનકુમાર કરમશીભાઈ ઉંઘાડ | ૪૩ |
| ૬ | પ્રાંત અધિકારી શ્રી આનંદકુમાર અવધેશભાઈ ઉકાણીની જુબાની | ૪૮ |
| ૭ | મામલતદાર શ્રી શશીકાંતભાઈ વીકટરભાઈ વીરોલાની જુબાની | ૫૨ |
| ૮ | સર્કલ ઓફીસર શ્રી નિરજ પ્રેમકુમાર ગૌસ્વામીની જુબાની | ૫૮ |
| ૯ | ત.ક.મંત્રી શ્રી ધનજીભાઈ રતીયાભાઈ વસાવાની જુબાની | ૬૫ |
| ૧૦ | અધિક નિવાસી કલેકટર શ્રી ચેતનકુમાર અંબાલાલ ગાંધીની જુબાની | ૬૭ |
| ૧૧ | પી.એસ.ઓ.શ્રી છાયાબેન જયંતિભાઈ વસાવાની જુબાની | ૭૦ |
| ૧૨ | ત.ક.અ.શ્રી વિરલ રમણીકભાઈ ચંદનની જુબાની | ૭૩ |
| ૧૩ | ફરીયાદ લેનાર શ્રી પ્રકાશભાઈ જયરામભાઈ પંડયાની જુબાની | ૮૯ |

દસ્તાવેજી પુરાવા:–

| અનું નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૯ |
| ૨ | સ.નં.૧૬૬ ની માપણી અંગેની યાદી | ૨૦ |
| ૩ | સ.નં.૧૬૬ ની હદમાપણી અંગેનું સંમતીપત્ર | ૨૧ |
| ૪ | સ.નં.૧૬૭ ની માપણી અંગેની યાદી | ૨૨ |

| | | |
|---|---|---|
| ૫ | સ.નં.૧૬૭ ની હદમાપણી અંગેનું સંમતીપત્ર | ૨૩ |
| ૬ | સ.નં.૧૬૮ ની માપણી અંગેની યાદી | ૨૪ |
| ૭ | સ.નં.૧૬૮ ની હદમાપણી અંગેનું સંમતીપત્ર | ૨૫ |
| ૮ | આરોપીઓને આપેલ નોટીશો | ૨૬–૨૭ |
| ૯ | લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ કરવા ફરીયાદીએ કરેલ અરજી અંગે ઘટતુ કરવા કલેકટરશ્રીને લખેલ પત્ર | ૨૮ |
| ૧૦ | લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ કરવા ફરીયાદીએ કલેકટરશ્રીને કરેલ ઓનલાઈન અરજી | ૨૯ |
| ૧૧ | ઘટતી કાર્યવાહી કરવા ફરીયાદીએ ડી.વાય.એસ.પી.શ્રી તથા સર્કલ ઓફીસરશ્રીને લખેલ પત્ર | ૩૦ |
| ૧૨ | ફરીયાદીએ કલેકટરશ્રીને યોગ્ય પગલા લેવા લખેલ પત્ર | ૩૧ |
| ૧૩ | સર્કલ ઓફીસરશ્રીએ ફરીયાદીનો તા.૧૧/૬/૨૦૨૪ ના રોજ નોંધેલ જવાબ | ૩૨ |
| ૧૪ | નાયબ મામલતદારશ્રી રૂબરૂ તૈયાર કરવામા આવેલ પંચકયાસ | ૩૪ |
| ૧૫ | આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામુ | ૩૬ |
| ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૭ |
| ૧૭ | પ્રાંત અધિકારીશ્રીએ કલેકટરશ્રીને સંબોધીને પોતાનો આપેલ અભિપ્રાય | ૪૦ |
| ૧૮ | લેન્ડ ગ્રેબીંગ કમીટીની કાર્યવાહીની નોંધ અંગે પ્રાંત અધિકારીશ્રી એ મામલતદારશ્રીને સ્થળ નિરિક્ષણ કરવા માટે તેમજ સોગંદનામુ મેળવવા લખેલ તા.૧૭/૧/૨૦૨૪ નો પત્ર | ૪૧ |
| ૧૯ | આર.એ.સી.એ પોલીસ અધિક્ષકશ્રીને તપાસ માટે લખેલ પત્ર | ૪૪ |
| ૨૦ | પોલીસ અધિક્ષકશ્રીએ લેન્ડ ગ્રેબીંગ કમીટીને મોકલેલ અહેવાલ | ૪૫ |
| ૨૧ | આર.એ.સી.એ પો.અધિક્ષકશ્રીને ફરીયાદ દાખલ કરવા લખેલ પત્ર | ૪૬ |
| ૨૨ | પ્રાંત અધિકારીનો અહેવાલ | ૪૯ |
| ૨૩ | સર્કલ ઓફીસરશ્રીનો અહેવાલ | ૫૩ |
| ૨૪ | પ્રાંત અધિકારીશ્રીએ મામલતદારશ્રીને લખેલ પત્ર | ૫૪ |
| ૨૫ | મામલતદારશ્રીનો અહેવાલ | ૫૫ |
| ૨૬ | સર્કલ ઓફીસરશ્રીનો અહેવાલ | ૫૬ |
| ૨૭ | મામલતદારશ્રીએ સર્કલ ઓફીસરશ્રીને અહેવાલ તૈયાર કરી મોકલી આપવા લખેલ પત્ર | ૫૯ |
| ૨૮ | સર્કલ ઓફીસરશ્રી રૂબરૂનો ફરીયાદી સંસ્થાનો જવાબ | ૬૦ |

| | | |
|---|---|---|
| ૨૯ | સર્કલ ઓફીસરશ્રી રૂબરૂનો પંચકયાસ | ૬૧ |
| ૩૦ | બનાવવાળી જગ્યાનો નકશો | ૬૨ |
| ૩૧ | બનાવવાળી જગ્યાના ચાર ફોટોગ્રાફસ | ૬૩ |
| ૩૨ | અ.નિ.કલેકટરશ્રીએ પો.અધિક્ષકશ્રીને લેન્ડ ગ્રેબીંગની અરજી અન્વયે યોગ્ય તપાસ કરી રીપોર્ટ કરવા લખેલ પત્ર | ૬૮ |
| ૩૩ | સ્ટેશન ડાયરીનો ઉતારો | ૭૧ |
| ૩૪ | સ.નં.૧૬૬,૧૬૭ તથા ૧૬૮ ની સયુંકત માપણી શીટ | ૭૪ |
| ૩૫ | ઈ–રીસીપ્ટ | ૭૫ |
| ૩૬ | લેન્ડ ગ્રેબીંગ કમીટીનો અભિપ્રાય | ૭૬ |
| ૩૭ | પંચકયાસ | ૭૭–૭૮ |
| ૩૮ | પોલીસ અધિક્ષકશ્રીનો ફરીયાદીની ફરીયાદ લઈ ગુનો દાખલ કરી તેની તપાસ કરી રીપોર્ટ કરવા પી.આઈ.શ્રીને લખેલ પત્ર | ૭૯ |
| ૩૯ | કલમ–૬૩(૪)(સી)નુ પ્રમાણપત્ર | ૮૦ |
| ૪૦ | પી.આઈ.શ્રીએ પી.એસ.ઓ.ને ગુનો રજી.કરવા લખેલ પત્ર | ૮૧ |
| ૪૧ | વાદવાળી જમીનના રેવન્યુ રેકર્ડ | ૮૨ થી ૮૪ |
| ૪૨ | આરોપીઓના આધારકાર્ડની નકલ | ૮૫ થી ૮૭ |

૬) ત્યારબાદ સ્પે.પી.પી.શ્રીએ આંક–૯૦ થી કલોઝીંગ પુરશીષ રજુ કરી તેઓ ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ લેખીત કે મૌખિક પુરાવો રજુ કરવા માગતા નથી તેવી જાહેરાત કરતા ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવા રજુ થઈ શકેલ નહી,ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પર રજુ થયેલ પુરાવામાં વિરૂધ્ધના સંજોગો અંગે ખુલાસો કરવાની તક આપવાના હેતુથી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૪ ની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ પુછેલ પ્રશ્નોનાં જવાબમા પુછેલ હકીકતોની સ્પષ્ટપણે ઈન્કારી કરેલ છે અને વધુમાં પોતે જાતે પુરાવો આપવા માંગતા નથી અને બચાવમાં સાહેદો તપાસવા માંગતા નથી તેવી હકીકત જાહેર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદન નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી.

૭) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.સ્પે.પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટ તથા આરોપી તરફે વિ.વ.શ્રી એમ.જી.કુરેશીની રૂબરૂ દલીલો સાંભળી.

૮) સરકારશ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામા આવેલ છે કે,મોજે ડેડીયાપાડા સરકારી વિનિયન કોલેજની સ.નં.પર (નવો સ.નં.૧૬૭), ક્ષેત્રફળ ૧–૫૦–૭૦ હે.આરે.

ચો.મી.વાળી જમીન તથા સ.નં.૫૧ (નવો સ.નં.૧૬૮)ક્ષેત્રફળ ૦–૫૦–૯૯ હે.આરે.ચો.મી. વાળી જમીનમાં ૨૦ ગુંઠા જેટલી જમીનમાં આ કામનાં આરોપીઓ એ તા.૨૭/૩/૨૦૨૩ થી અનઅધિકૃત ગેરકાયદેસર કબજો કરી દબાણ કરેલ હોય જે જમીન ફરીયાદી એ આરોપીઓને અવારનવાર પરત સોંપવા માટે જણાવવા છતા આરોપીઓ એ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ડેડીયાપાડાનાઓની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી કબજો કરી જમીન પરત નહી સોંપી આપી ગેરકાયદેસર રીતે કબજો જમાવી જમીન પચાવી પાડી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩),૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધના ગુના પુરવાર કરવા માટે કુલ ૧૩ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને આ સાહેદો એ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન કુલ ૪૮ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. વધુમાં ફરીયાદી તે ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે તેમનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેઓને કેસ ચાલતા દરમ્યાન આરોપી ઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય તેઓએ પોતાની ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ નથી, પરંતુ તેમ છતા રેવન્યુ ડીપાર્ટમેન્ટના અધિકારીઓનો સોગંદપર નો પુરાવો વંચાણે લેતા તેઓએ પોતાના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને પુરતુ અને વ્યાજબી સમર્થન આપેલ છે.તે જ રીતે પોલીસ સાહેદોનો સોગંદપરનો પુરાવો વંચાણે લેતા તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને પુરતુ સમર્થન આપેલ છે, જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનાં આક્ષેપીત ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ થયેલા છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે અને તેથી આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુનામા તકસીરવાન ઠરાવી વધુમાં વધુ કેદ અને દંડની શિક્ષા કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૯) આરોપી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે,ફરીયાદપક્ષનાં સૌથી મહત્વનાં સાહેદ એવા ફરીયાદી તથા સાહેદ રમેશભાઈ ખાનપરભાઈ વસાવા અને સાહેદ રામસીંગ ભાઈ પારસીંગભાઈ વસાવાનો સોગંદપરનો પુરાવો વંચાણે લેતા તેઓએ પોતાના પુરાવા થકી ફરીયાદપક્ષનાં કેસને બિલકુલ સમર્થન આપેલ નથી.આ ફરીયાદી તથા સાહેદોએ પોતાના પુરાવામાં એ હકીકતનો સ્પષ્ટ સ્વીકાર કરેલ છે કે,પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને સમાધાનની રૂએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જગ્યા તેઓને સોંપી આપવામા આવેલ છે અને તેમા કાર્યપાલક ઈજનેરશ્રીએ તેઓની કોલેજનુ કમ્પાઉન્ડ વોલ પણ બનાવી દીધેલ

છે જેથી જમીનમા દબાણ કરવા અંગે કોઈ વિવાદ રહેલ નથી અને તેઓની એક લખેલ તૈયાર ફરીયાદમા સહી લીધેલ હતી અને તેઓએ ફરીયાદ કરેલ ત્યારે સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીન મા કોઈ દબાણ ન હતુ અને જગ્યા ખુલ્લી હતી અને આરોપીઓએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ હોય તેવુ બનેલ નથી, આમ આવી સ્પષ્ટ હકીકત જણાવેલ છે ત્યારે આ સાહેદોના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને કોઈ જ સમર્થન પ્રાપ્ત થતુ નથી.વધુમાં રેવન્યુ ખાતાના અધિકારીઓ તથા પોલીસ સાહેદોનો સોગંદપરનો પુરાવો વંચાણે લેતા તેઓએ માત્ર તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને સમર્થનકારી હકીકતો જણાવેલ છે.આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુના નિ:શંકપણે પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ ગયેલ હોય અને આરોપીપક્ષ શકયતાઓની સંભવિતતાના આધારે પોતાનો બચાવ વ્યાજબી રીતે પુરવાર કરવામા સફળ રહેલા હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

:- **કા ર ણો** -:

**મુદા નં.૧** :-

૧૦) આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામા આવે તો આ ગુન્હામાં સૌથી અગત્યનો પુરાવો ફરીયાદીનો ગણી શકાય. મુદા નં.૧ ની તકરારી હકીકતનાં સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા તેમજ તે સાથે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની પરસ્પર વિરોધી દલીલો ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધનાં આક્ષેપીત ગુના પુરવાર કરવા માટે કુલ ૧૩ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને આ સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન કુલ ૪૮ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે, ત્યારે ફરીયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે,મોજે ડેડીયાપાડા સરકારી વિનિયન કોલેજની સ.નં.પર (નવો સ.નં.૧૬૭), ક્ષેત્રફળ ૧-૫૦-૭૦ હે.આરે.ચો.મી.વાળી જમીન તથા સ.નં.૫૧ (નવો સ.નં.૧૬૮)ક્ષેત્રફળ ૦-૫૦-૯૯ હે.આરે.ચો.મી.વાળી જમીનમાં ૨૦ ગુંઠા જેટલી જમીનમાં આ કામનાં આરોપીઓએ તા.૨૭/૩/૨૦૨૩ થી અનઅધિકૃત ગેરકાયદેસર કબજો કરી દબાણ કરેલ હોય જે જમીન ફરીયાદીએ આરોપીઓને અવારનવાર પરત સોંપવા માટે જણાવવા છતા આરોપીઓએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ડેડીયાપાડાનાઓની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી કબજો કરી જમીન પરત નહી સોંપી આપી ગેરકાયદેસર રીતે કબજો જમાવી જમીન પચાવી પાડી ગુજરાત

જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩),૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબનો ગુનો કરેલ છે તેવી જે તકકારી હકીકત જણાવેલ છે, તેના સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે પ્રોસીકયુશન વિટનેસ નં.૧ ફરીયાદી અનિલાબેન જીકુભાઈ પટેલને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામા આવેલા છે,આ સાહેદને માર્ક ૮/૧ વાળી ફરીયાદ બતાવવામા આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૧૯ આપવામા આવેલ છે તેમજ આ સાહેદને માર્ક ૮/૪ થી ૮/૯,૮/૧૧ થી ૮/૧૪, ૮/૧૯ તથા ૮/૨૪ ના અનુક્રમે સ.નં.૧૬૬,૧૬૭ તથા ૧૬૮ ની માપણી અંગેની યાદી તથા તેનુ હદમાપણી અંગેનું સંમતીપત્ર તેમજ આરોપીઓને આપેલ નોટીશો,લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ કરવા તેઓએ કરેલ અરજી અંગે ઘટતુ કરવા કલેકટરશ્રીને લખેલ પત્ર,લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ કરવા તેઓએ કલેકટરશ્રીને કરેલ ઓનલાઈન અરજી,તેઓએ ઘટતી કાર્યવાહી કરવા ડી.વાય.એસ.પી.શ્રી તથા સર્કલ ઓફીસરશ્રીને લખેલ પત્ર,તેઓએ કલેકટરશ્રીને યોગ્ય પગલા લેવા લખેલ પત્ર તથા સર્કલ ઓફીસરશ્રીએ તેઓનો તા.૧૧/૬/૨૦૨૪ ના રોજ નોંધેલ જવાબ બતાવવામા આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તેને અનુક્રમે આંક ૧૯ થી ૩૨ સુધી આપવામા આવેલ છે.આ સાહેદની સંપુર્ણ સરતપાસ વંચાણે લેવામા આવે તો તેઓએ અમુક અંશે ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકતો જણાવેલ છે પરંતુ આ સાહેદની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ વંચાણે લેવામા આવે તો તેમા તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે,તેઓ પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને સમાધાનની રૂએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જગ્યા તેઓને સોંપી આપવામા આવેલ છે અને તેમા કાર્યપાલક ઈજનેરશ્રીએ તેઓની કોલેજનુ કમ્પાઉન્ડ વોલ પણ બનાવી દીધેલ છે જેથી જમીનમા દબાણ કરવા અંગે કોઈ વિવાદ રહેલ નથી અને તેઓની એક લખેલ તૈયાર ફરીયાદમા સહી લીધેલ હતી અને તેઓએ ફરીયાદ કરેલ ત્યારે સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીન મા કોઈ દબાણ ન હતુ અને જગ્યા ખુલ્લી હતી અને આરોપીઓએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં ફરીયાદીના પુરાવા સાથે ફરીયાદી સંસ્થામાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પ્રોસી.વીટ.નં.૨ સાહેદ રમેશભાઈ ખાનપરભાઈ વસાવાનો આંક–૩૩ નો તથા ફરીયાદી સંસ્થામાં સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા પ્રોસી.વીટ.નં.૩ રામસીંગભાઈ પારસીંગભાઈ વસાવાનો આંક–૩૫ નો પુરાવો વંચાણે લેતા તેઓએ પોતાના સોગંદપરના પુરાવામા ફરીયાદીએ જણાવેલ હકીકતો જેવી જ

હકીકતો જણાવેલ છે.આ બંને સાહેદોને માર્ક ૮/૨૨ થી રજુ નાયબ મામલતદાર શ્રી રૂબરૂ તૈયાર કરવામા આવેલ પંચક્યાસ બતાવવામા આવતા તેમા પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક ૩૪ આપી કામે સામેલ કરવામા આવેલ છે.આ સાહેદોની સંપુર્ણ સરતપાસ વંચાણે લેવામા આવે તો તેઓએ અમુક અંશે ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકતો જણાવેલ છે પરંતુ આ સાહેદોની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ વંચાણે લેવામા આવે તો તેમા તેઓએ મુખ્યત્વે એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે,પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને સમાધાનની રૂએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જગ્યા ફરીયાદી સંસ્થાને સોંપી આપવામા આવેલ છે અને તેમા કાર્યપાલક ઈજનેરશ્રીએ તેઓની કોલેજનુ કમ્પાઉન્ડ વોલ પણ બનાવી દીધેલ છે જેથી જમીનમા દબાણ કરવા અંગે કોઈ વિવાદ રહેલ નથી અને તેમના પ્રિન્સીપાલશ્રીએ ફરીયાદ કરેલ ત્યારે સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમા કોઈ દબાણ ન હતુ અને જગ્યા ખુલ્લી હતી અને આજની તારીખમા આરોપીઓનુ તેમની જમીનમા કોઈ દબાણ આવેલ નથી અને મામલતદારશ્રીએ તૈયાર કરેલ પંચનામામાં તેઓએ ફકત સહી કરેલી અને આરોપીઓએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ હોય તેવુ બનેલ નથી.આમ, ફરીયાદી તથા આ બંને સાહેદોનો સોગંદપરનો સંપુર્ણ પુરાવો વંચાણે લેતા આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય તથા સમાધાનની રૂએ સ.નં. ૧૬૭ અને ૧૬૮ ની જગ્યા ફરીયાદીને સોંપી આપવામા આવેલ હોય તેમજ ફરીયાદીએ ફરીયાદ કરેલ ત્યારે સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમા કોઈ દબાણ ન હતુ અને જગ્યા ખુલ્લી હતી અને આરોપીઓએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત જણાવતા હોય ત્યારે આ કામના આરોપીઓ સામેના આક્ષેપિત અપરાધ પુરવાર થતુ હોવાનુ જણાય આવતુ નથી તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે અને તેથી ફરીયાદી તથા આ બંને સાહેદોના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાતુ નથી.

૧૧) વધુમાં ફરીયાદપક્ષ તરફે પ્રોસી.વીટનેશ નં.૪ પ્રાંત અધિકારી શ્રી ધવલકુમાર રંગજીભાઈ સંગાડાને આંક-૩૯ થી,પ્રોસી.વીટનેશ નં.૫ આર.એ.સી.ચેતનકુમાર કરમશીભાઈ ઉંધાડને આંક-૪૩ થી,પ્રોસી.વીટનેશ નં.૬ પ્રાંત અધિકારી શ્રી આનંદકુમાર અવધેશભાઈ ઉકાણીને આંક-૪૮ થી,પ્રોસી.વીટનેશ નં.૭ મામલતદાર શ્રી શશીકાંતભાઈ વીકટરભાઈ વીરોલાને આંક-૫૨ થી,પ્રોસી.વીટનેશ નં.૮ સર્કલ ઓફીસર શ્રી નિરજ પ્રેમકુમાર ગૌસ્વામી

ને આંક–૫૮ થી તથા પ્રોસી.વીટનેશ નં.૧૦ નિવાસી અધિક કલેકટર શ્રી ચેતનકુમાર અંબાલાલ ભાઈ ગાંધીને આંક–૬૭ થી સોગંદપર તપાસવામા આવેલા છે.આ તમામ સાહેદોએ પોતાના સોગંદપરના પુરાવા દરમ્યાન આંક ૪૦ થી પ્રાંત અધિકારીશ્રીએ કલેકટરશ્રીને સંબોધીને પોતાનો આપેલ અભિપ્રાય,આંક ૪૧ થી લેન્ડ ગ્રેબીંગ કમીટીની કાર્યવાહીની નોંધ અંગે પ્રાંત અધિકારીશ્રી એ મામલતદારશ્રીને સ્થળ નિરિક્ષણ કરવા માટે તેમજ સોગંદનામુ મેળવવા લખેલ તા.૧૭/૧/૨૦૨૪ નો પત્ર,આંક ૪૪ થી આર.એ.સી.એ પોલીસ અધિક્ષકશ્રીને તપાસ માટે લખેલ પત્ર,આંક ૪૫ થી પોલીસ અધિક્ષકશ્રીએ લેન્ડ ગ્રેબીંગ કમીટીને મોકલેલ અહેવાલ,આંક ૪૬ થી આર.એ.સી.એ પો.અધિક્ષકશ્રીને ફરીયાદ દાખલ કરવા લખેલ પત્ર,આંક ૪૯ થી પ્રાંત અધિકારીનો અહેવાલ,આંક ૫૩ થી સર્કલ ઓફીસરશ્રીનો અહેવાલ,આંક ૫૪ થી પ્રાંત અધિકારીશ્રીએ મામલતદારશ્રીને લખેલ પત્ર,આંક ૫૫ થી મામલતદારશ્રીનો અહેવાલ,આંક ૫૬ થી સર્કલ ઓફીસરશ્રીનો અહેવાલ,આંક–૫૯ મામલતદારશ્રીએ સર્કલ ઓફીસરશ્રીને અહેવાલ તૈયાર કરી મોકલી આપવા લખેલ પત્ર,આંક ૬૦ થી સર્કલ ઓફીસરશ્રી રૂબરૂનો ફરીયાદી સંસ્થાનો જવાબ,આંક ૬૧ થી સર્કલ ઓફીસરશ્રી રૂબરૂનો પંચકયાસ,આંક ૬૨ થી બનાવવાળી જગ્યાનો નકશો,આંક ૬૩ થી બનાવવાળી જગ્યાના ચાર ફોટોગ્રાફસ તથા આંક ૬૮ થી નિવાસી અધિક કલેકટરશ્રીએ પો.અધિક્ષકશ્રીને લેન્ડ ગ્રેબીંગની અરજી અન્વયે યોગ્ય તપાસ કરી રીપોર્ટ કરવા લખેલ પત્ર રજુ કરેલા છે.આ તમામ સરકારી અધિકારી/કર્મચારીઓનો સોગંદપરનો પુરાવો તથા તેઓએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને સમર્થનકારી હકીકતો જણાવેલ છે,પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જયારે ખુદ ફરીયાદી તથા સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન ફરીયાદ હકીકતને પુરતુ અને વ્યાજબી સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય અને તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાની અને તેઓને વાદવાળી જમીનનો કબજો પરત મળી ગયેલ હોવાની તેમજ આરોપીઓએ વાદવાળી જમીનમા કોઈ દબાણ કરેલ ન હોવાની હકીકતો જણાવેલ હોય ત્યારે આ તમામ સાહેદોના એકમાત્ર પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

૧૨) વધુમાં ફરીયાદપક્ષ તરફે સને ૨૦૧૮ મા ડેડીયાપાડા મુકામે ત.ક.મંત્રી તરીકે ફરજ બજાવતા પ્રોસી.વીટ.નં.૯ ધનજીભાઈ રતીયાભાઈ વસાવાને આંક ૬૫ થી સોગંદપર તપાસેલા છે.આ સાહેદનો પુરાવો વંચાણે લેવામા આવે તો તેમા તેઓએ મુખ્યત્વે એવી હકીકત

જણાવેલ છે કે,તેઓ સને ૨૦૧૮ થી ડેડીયાપાડા મુકામે ત.ક.મંત્રી તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ તા.૩૦/૬/૨૦૨૧ ના રોજ નિવૃત થયેલા છે અને આ કેસની લેન્ડ ગ્રેબીંગની ઓનલાઈન ફરીયાદ સને ૨૦૨૩ મા થયેલ છે જેથી તે સંબંધે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી તેમ છતા તેઓને આ કામે સાહેદ તરીકે દર્શાવેલ છે.આમ આ સાહેદનો પુરાવો વંચાણે લેતા આ સાહેદે આ કેસ સંબંધે કોઈ જ કાર્યવાહી કરેલ ન હોય આ સાહેદના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને કોઈ જ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

૧૩) વધુમાં આરોપીપક્ષ તરફે કબુલ કરવામા આવતા ફરીયાદપક્ષ તરફે આંક-૩૬ થી આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ તથા આંક-૩૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે જે વંચાણે લેતા ગુનાવાળી જગ્યાની સ્થળ સ્થિતિ તથા આરોપીઓને અટક કર્યાની હકીકત માલુમ પડે છે,તેથી વિશેષ આરોપીઓને ગુના સાથે સંડોવતી કોઈ જ હકીકત આ દસ્તાવેજો વંચાણે લેતા રેકર્ડ ઉપર આવતી હોવાનું જણાય આવતુ નથી અને તેથી આ દસ્તાવેજોથી પણ ફરીયાદપક્ષના કેસને ખાસ કોઈ મદદ મળતી હોવાનું જણાય આવતુ નથી.

૧૪) વધુમાં ફરીયાદપક્ષે પ્રોસી.વીટ.નં.૧૧ પી.એસ.ઓ.શ્રી છાયાબેન જયંતિભાઈ વસાવાને આંક-૭૦ થી,પ્રોસી.વીટ.નં.૧૨ ત.ક.અ.નાયબ પોલીસ અધિક્ષક શ્રી વિરલ રમણીક ભાઈ ચંદનને આંક-૭૩ થી તથા પ્રોસી.વીટ.નં.૧૩ ફરીયાદીની ફરીયાદ લેનાર પી.આઈ.શ્રી પ્રકાશભાઈ જયરામભાઈ પંડયાને આંક ૮૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.આ તમામ પોલીસ સાહેદોએ પોતાના સોગંદપરના પુરાવા દરમ્યાન આંક ૭૧ થી સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ,આંક ૭૪ થી સ.નં.૧૬૬,૧૬૭,૧૬૮ ની સયુંકત માપણીશીટ,આંક ૭૫ થી ઈ-રીસીપ્ટ, આંક ૭૬ થી લેન્ડ ગ્રેબીંગ કમીટીનો અભિપ્રાય,આંક ૭૭ તથા ૭૮ થી પંચકયાસ,આંક ૭૯ થી પોલીસ અધિક્ષકશ્રીનો ફરીયાદીની ફરીયાદ લઈ ગુનો દાખલ કરી તપાસ કરી રીપોર્ટ કરવા પી.આઈ.શ્રીને લખેલ પત્ર,આંક ૮૦ થી કલમ ૬૩(૪)(સી)નુ પ્રમાણપત્ર,આંક ૮૧ થી પી.આઈ.શ્રીએ પી.એસ.ઓ.ને ગુનો રજી.કરવા લખેલ પત્ર,આંક ૮૨ થી ૮૪ સુધી વાદવાળી જમીનના રેવન્યુ રેકર્ડના ઉતારાની નકલ તથા આંક ૮૫ થી ૮૭ સુધી આરોપીઓના આધારકાર્ડ ની નકલ રજુ કરેલ છે, ત્યારબાદ સ્પે.પી.પી.શ્રીએ આંક-૯૦ થી કલોઝીંગ પુરશીષ રજુ કરતા ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થઈ શકેલ નથી.આ તમામ પોલીસ સાહેદોનો પુરાવો વંચાણે લેતા તેઓએ ફકત પોતાની ફરજના ભાગરૂપે ફરીયાદ લઈ ગુનો દાખલ કરાવી તપાસ કરી ચાર્જસીટ રજુ કરેલ છે,પરંતુ આ કામે ઉપરોકત સવિસ્તૃત ચર્ચા કર્યા

મુજબ જયારે ફરીયાદી તથા સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન ફરીયાદ હકીકતને પુરતુ અને વ્યાજબી સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય અને તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાની અને તેઓને વાદવાળી જમીનનો કબજો પરત મળી ગયેલ હોવાની તેમજ આરોપીઓએ વાદવાળી જમીનમા કોઈ દબાણ કરેલ ન હોવાની હકીકતો જણાવેલ હોય ત્યારે આ પોલીસ સાહેદોનાં પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદ મળતી હોવાનુ જણાય આવતુ નથી.

૧૫) સમગ્ર હકીકતે,ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા ઉપરોકત કરેલ સવિસ્તૃત ચર્ચાના અંતે ફરીયાદપક્ષના અતિ મહત્વનાં સાહેદ એવા ફરીયાદીએ પોતાના સોગંદપરના પુરાવા દરમ્યાન ફરીયાદ હકીકતને પુરતુ અને વ્યાજબી સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય અને ફરીયાદીએ પોતાના સોગંદપરના પુરાવા દરમ્યાન તેઓને આ કામે સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ હોય અને સમાધાનની રૂએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જગ્યા તેઓને સોંપી આપવામા આવેલ હોય તેમજ ફરીયાદીએ ફરીયાદ કરેલ ત્યારે સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમા કોઈ દબાણ ન હતુ અને જગ્યા ખુલ્લી હતી અને આરોપીઓએ સ.નં.૧૬૭ અને ૧૬૮ ની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત જણાવતા હોય ત્યારે આ કામના આરોપીઓ સામેના આક્ષેપિત અપરાધ નિ:શંકપણે પુરવાર થતુ હોવાનુ જણાય આવતુ ન હોય તેવા સંજોગોમાં મુદા નં. ૧ નો જવાબ ''નકાર''માં આપી આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુનામાથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવા સીવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય, મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:– **<u>આ ખ રી હુ ક મ</u>** –:

**૧.** આ કામના આરોપી નં.(૧)મનુબેન મીરીયાભાઈ વસાવા,ઉ.વ.૪૮,(૨) તારાબેન મનસુખભાઈ વસાવા,ઉ.વ.૫૫ તથા (૩) અશોકભાઈ મનસુખભાઈ વસાવા,ઉ.વ.૩૦, રહે.તમામ–થાણા ફળીયું,ડેડીયાપાડા, તા.ડેડીયાપાડા,જી.નર્મદા વાળાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮ અન્વયે તેઓની વિરૂધ્ધનાં ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો–૨૦૨૦ ની કલમ–૩,૪(૩), ૫(ગ) તથા બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબ ના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૪ ની કલમ–૪૮૧ અન્વયે પ્રત્યેક આરોપીએ અપીલનાં સમય માટે રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂા.પંદર હજાર પુરા)નાં જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો અથવા તેમનાં હાલનાં જામીનદારે અપીલનાં સમય માટે જામીન તરીકે ચાલુ રહેવા માટે લેખીત સંમતી–પુરશીષ રજુ કરવી, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– રાજપીપળા
તારીખ:–૩૦/૦૪/૨૦૨૬

(**અતુલકુમાર વિનોદભાઈ હિરપરા**)
સ્પેશ્યલ જજ–નર્મદા, મુ.રાજપીપળા
કોડ નં.જીજે.૦૦૬૫૬